# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
**Web : www.incgujarat.com** **E-mail : gpcc1234@gmail.com**

**અખબારી યાદી** **તા. ૧૫–૦૪–૨૦૨૬**

જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા ચૂંટણી ફોર્મ ભરવાની, ફોર્મ ચકાસવાની અને ફોર્મ પરત ખેંચવાની સમય મર્યાદા પૂર્ણ થઈ છે. રાજ્યની અંદર ચૂંટણી પ્રક્રિયા પારદર્શક રીતે કરવી તેની જવાબદારી ચૂંટણી અયોગની હોય છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોમાં જે ઘટનાઓ સામે આવી રહી છે તે ગંભીર ચિંતાનો વિષય છે. ત્યારે **ભાજપના ઈશારે પોલીસતંત્ર-વહીવટતંત્રના બેફામ દુરુપયોગ** અંગે આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે જે રીતે એક પછી એક ઘટનાક્રમ સામે આવે છે કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને ધાકધમકી, ગુંડાગીરી કરીને પોલીસ દ્વારા પ્રતાડિત કરવામાં આવ્યા. અસામાજિક તત્વો તમામ પ્રકારના હથકંડા અપનાવીને કોંગ્રેસના ઉમેદવારોના ફોર્મ પરત ખેંચવવા માટે ભાજપના આગેવાનો ગુંડાગર્દી ઉપર ઉતર્યા છે. ભાજપના પ્રતિનિધિઓ સામે ઠેરઠેર જનતા આક્રોશ વ્યક્ત કરી રહી છે. મુખ્યમંત્રીનો વિસ્તાર હોય ત્યાં પણ ભાજપના પદાધીકારીઓને જાકારો મળી રહ્યો છે. સુરત, વડોદરા, રાજકોટ ભાવનગર, જામનગર, સુરેન્દ્રનગર સહિતના મહાનગરોમાં પ્રજાના આક્રોશનો સામનો કરવો પડી રહ્યો છે તેવા સંજોગોમાં અહંકારમાં ડૂબેલી ભાજપ વડોદરા, સુરત, અમદાવાદ સહિત અનેક જગ્યાએ તમામ પ્રકારના હથકંડા અપનાવીને ચૂંટણી પ્રક્રિયા મતદાન વિના જીતવા માટે ના કારનામા ગોઠવ્યા છે જેમાં સૌથી મોટા કારનામામાં ગુજરાતની અંદર હોમગાર્ડ વિભાગમાં **ગુજરાતના તમામ જિલ્લાના હોમગાર્ડના કમાન્ડન્ટોમાંથી મોટાભાગના કમાન્ડન્ટ ભાજપ આરએસએસ સાથે સંકળાયેલા છે.** આ કમાન્ડન્ટો જે તે સમયે સમજી વિચારી ગોઠવણના ભાગરૂપે ચૂંટણી પ્રક્રિયામાં ગોઠવાયા છે.

ગુજરાતમાં ગવર્મેન્ટ ઓફ ગુજરાતના સત્તાવાર ગેજેટની સ્પષ્ટપણે લખ્યું છે કે હોમગાર્ડના કમાન્ડન્ટ રાજકીય પ્રવૃતિમાં ભાગ ન લઈ શકે પણ અમદાવાદમાં અમદાવાદ પૂર્વની કચેરીમાં શ્રી રાહુલભાઈ પી. કોરી જેનું ૧૯-૦૫-૨૦૨૬ના રોજ વિશેષ રીતે તેઓ જે જગ્યા ફરજ નિભાવે છે એ જગ્યાએ યથાવત રાખી સાથોસાથ જિલ્લાના કંટ્રોલરૂમના ઇન્ચાર્જની જવાબદારી આપવામાં આવી છે. શ્રી રાહુલભાઈ કોરીનો સત્તાવાર લેટરની કોપી દર્શાવેલી છે. શ્રી રાહુલભાઈ કોરી અમદાવાદ ભાજપના ૧૧ નંબરના વોર્ડ સરદારનગર ઉપપ્રમુખ તરીકે જવાબદારી નિભાવે છે. ભાજપના સત્તાવાર ૧૭-૦૨-૨૦૨૫ના રોજ અમદાવાદ ભાજપ શહેર પ્રમુખનો સત્તાવાર લેટર રાહુલભાઈ કોરીના નામનો દર્શાવેલ છે. **રાહુલભાઈ કોરી વિવિધ ભાજપના આગેવાનો અને ભાજપના ખેસ પહેરીને વિવિધ કાર્યક્રમોના ફોટોગ્રાફ દર્શાવ્યા છે. બીજીબાજુ અમદાવાદ શહેરના કંટ્રોલરૂમની પણ જવાબદારી નિભાવે** છે. કંટ્રોલરૂમમાંથી પોસ્ટલ બેલેટ પેપર આવતા હોય છે. કર્મચારી ચૂંટણી પ્રક્રિયામાં મતદાન કરવા અલગથી આયોજન થતું હોય છે. આ ગંભીર બાબત અંગે ચૂંટણી આયોગને અગાઉ પણ જાણ કરી છે. **મોટાભાગના જિલ્લાના હોમગાર્ડના કમાન્ડન્ટ ભાજપ-આર.એસ.એસ. સાથે સંકળાયેલા છે. ત્યારે ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતી-ગોલમાલ ન થાય અને તમામ પારદર્શક રીતે મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તાત્કાલિક ચૂંટણી પ્રક્રિયાથી દુર રાખવામાં આવે.**

ડૉ. મનિષ એમ. દોશી
મીડીયા કન્વીનર અને પ્રવક્તા